

# છત્તીસગઢમાં સતનામી સમુદાયનું વિરોધ પ્રદર્શન હિંસક બન્યું, વાહનો, સરકારી ઈમારતને સળગાવી દેવાઈ

**કેટલાક** અજાણ્યા લોકોએ 15-16 મેની વચ્ચેની રાત્રે સતનામી સમુદાયના પવિત્ર પ્રતીક 'જૈતખંભ'માં તોડફોડ કરી હતી

બાલોદાબજાર (છત્તીસગઢ), તા. 10 (પીટીઆઈ): છત્તીસગઢના બાલોદાબજાર શહેરમાં તેમના ધાર્મિક સ્તંભને નુકસાન કરવામાં આવ્યાના વિરોધમાં સતનામી સમુદાય દ્વારા માટે બોલાવવામાં આવેલા વિરોધ પ્રદર્શન હિંસક બનતાં સોમવારે કારો, મોટરસાઈકલ અને એક સરકારી ઈમારતને સળગાવી દેવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.એક અધિકારીએ જણાવ્યું હતું કે, પથ્થરમારામાં ઘણા પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા. મુખ્ય સચિવ અને ડીજીપી દ્વારા મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈને પરિસ્થિતિ વિશે માહિતી આપવામાં આવી હતી.

15-16 મેની વચ્ચેની રાત્રે અજ્ઞાત વ્યક્તિઓએ બાલોદાબજાર જિલ્લાના ગીરૌદપુરી ધામમાં પવિત્ર અમર ગુફા પાસે સતનામી સમુદાય દ્વારા પવિત્ર પ્રતીક તરીકે પૂજવામાં આવતા 'જૈતખંભ'માં તોડફોડ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસે આ મામલે કથિત સંડોવણી બદલ ત્રણ લોકોની ધરપકડ કરી હતી. જોકે, સતનામી સમુદાયે આ મામલે કેન્દ્રીય એજન્સીની તપાસની માંગ કરી હતી. આ ઘટનાના વિરોધમાં સતનામી સમાજે સોમવારે દશેરા મેદાન ખાતે દેખાવો અને કલેક્ટર કચેરીનો ઘેરાવ કર્યો હતો.

# માઇક્રોસોફ્ટ-એપલનું માર્કેટ કેપ બીએસઈની તમામ કંપનીઓ કરતાં વધુ

**બંને** કંપનીઓનું મૂલ્ય 6.14 ટ્રિલિયન ડોલર છે, બીએસઈનું માર્કેટ કેપ 5.06 ટ્રિલિયન ડોલર છે

**અમેરિકાની** ટોચની ત્રણ સૌથી મૂલ્યવાન કંપનીઓ - માઇક્રોસોફ્ટ, એપલ અને એનવીડિયા-નું માર્કેટ કેપ હવે ચાઈનીઝ સ્ટોક એક્સચેન્જ પરની 5,300+ કંપનીઓ કરતાં વધુ

મુંબઈ, તા. 10 : અમેરિકન કંપનીઓ માઈક્રોસોફ્ટ અને એપલના સંયુક્ત માર્કેટ કેપે ભારતમાં લિસ્ટેડ 3,851 કંપનીઓના કુલ માર્કેટ કેપને પાછળ છોડી દીધું છે. આ ઉપરાંત, અમેરિકાની ટોચની ત્રણ સૌથી મૂલ્યવાન કંપનીઓ - માઈક્રોસોફ્ટ, એપલ અને એનવીડિયા-નું માર્કેટ કેપ હવે ચાઈનીઝ સ્ટોક એક્સચેન્જ પરની 5,300+ કંપનીઓ કરતાં વધુ છે. બ્લૂમબર્ગે આ અંગે એક રિપોર્ટ જાહેર કર્યો છે.

માઈક્રોસોફ્ટ-એપલનું માર્કેટ કેપ 6.14 ટ્રિલિયન ડોલર (આશરે રૂ. 512 લાખ કરોડ) છે. બીએસઈનું માર્કેટ કેપ 5.06 ટ્રિલિયન ડોલર (આશરે રૂ. 423 લાખ કરોડ) છે. જ્યારે માઈક્રોસોફ્ટ, એપલ અને એનવીડિયાનું માર્કેટ કેપ 9.2 ટ્રિલિયન ડોલર (રૂ. 768 લાખ કરોડ) છે. ચીનના શાંઘાઈ સ્ટોક એક્સચેન્જનું માર્કેટ કેપ 9 ટ્રિલિયન ડોલર (રૂ.768 લાખ કરોડ) છે.

માઈક્રોસોફ્ટે ઓપનએઆઈમાં રોકાણ કર્યું છે અને તેનાં ઉત્પાદનો અને સેવાઓમાં એઆઈનો અમલ કરી રહી છે. જેના કારણે છેલ્લા 6 મહિનામાં માઈક્રોસોફ્ટના શેરમાં 15%થી વધુનો વધારો થયો છે. જેના કારણે કંપનીના માર્કેટ કેપમાં ઉછાળો આવ્યો છે.

આ વર્ષે માર્ચ મહિનામાં એપલના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, હવે થોડી રિકવરી થઈ છે. છેલ્લા 6 મહિનામાં એપલના શેર માત્ર 1.92% વધ્યા છે. એક મહિનામાં 7.56%નો ઉછાળો આવ્યો છે.

ગયા અઠવાડિયે સેમિકન્ડક્ટર ચિપ નિર્માતા એનવીડિયા એપલને પાછળ છોડીને વિશ્વની બીજી સૌથી મૂલ્યવાન કંપની બની હતી. એનવીડિયા માર્કેટ કેપ 3.01 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું હતું. છેલ્લા એક વર્ષમાં તેના શેરમાં 212%નો વધારો થયો છે.

રસપ્રદ વાત એ છે કે, ટિમ કૂકની આગેવાની હેઠળની એપલ જાન્યુઆરી 2022માં 3 ટ્રિલિયન ડોલર માર્કેટ કેપ સુધી પહોંચનારી પ્રથમ યુએસ કંપની હતી. માઈક્રોસોફ્ટે 2024માં આ સીમાચિહ્ન હાંસલ કર્યું હતું.

જ્યારે એનવીડિયાએ ફેબ્રુઆરી 2024માં 2 ટ્રિલિયન ડોલરનું માર્કેટ કેપ વટાવી દીધું હતું અને તેને 3 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવામાં માત્ર ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો.

# મોદીએ પીએમ ઓફિસનો કાર્યભાર સંભાળ્યો

**આપણે** સૌ સાથે મળીને વિકસિત ભારત 2047નાં ઇરાદા સાથે 'નેશન ફર્સ્ટ'નું લક્ષ્યાંક હાંસલ કરીશું, આપણે રાષ્ટ્રને એવી ઊંચાઈએ લઈ જવું જોઈએ જે અન્ય કોઈ રાષ્ટ્ર ક્યારેય પ્રાપ્ત કરી શક્યું નથી: મોદી



નવી દિલ્હી, તા. 10 : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રધાનમંત્રી કાર્યાલયનો હવાલો સંભાળી લીધો છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કરતાં મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પીએમઓ શરૂઆતથી જ પ્રધાનમંત્રી કાર્યાલયને સેવાની સંસ્થા અને લોક પ્રધાનમંત્રી કાર્યાલય બનાવવાનો પ્રયાસ રહ્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "અમે પીએમઓને ઉત્પ્રેરક એજન્ટ તરીકે વિકસિત કરવાનો પ્રયાસ કર્યો છે, જે નવી ઉર્જા અને પ્રેરણાનો સ્ત્રોત બને છે."

મોદીએ કહ્યું હતું કે, સરકારનો અર્થ તાકાત, સમર્પણ અને સંકલ્પની નવી ઊર્જા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ) સમર્પણ સાથે લોકોની સેવા કરવા માટે પ્રેરિત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર એકલા મોદી જ નથી ચલાવતા, પરંતુ હજારો દિમાગ સાથે મળીને જવાબદારીઓ ઉપાડે છે અને તેના પરિણામે નાગરિકો જ તેની ક્ષમતાઓની ભવ્યતાના સાક્ષી બને છે.

મોદીએ કહ્યું હતું કે, "સમગ્ર દેશને આ ટીમમાં વિશ્વાસ છે." તેમણે કહ્યું હતું કે, "આપણે સૌ સાથે મળીને વિકસીત ભારત 2047નાં એક ઈરાદા સાથે 'રાષ્ટ્ર પ્રથમ'નાં લક્ષ્યાંકને હાંસલ કરીશું. તેમણે એ વાતનો પણ પુનરોચ્ચાર કર્યો હતો કે, તેમની દરેક પળ દેશની છે.

તેમણે દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને તેમની ટીમને ભવિષ્યમાં છેલ્લાં 10 વર્ષ માટે કરવામાં આવેલા કાર્યોને પાછળ છોડીને વૈશ્વિક માપદંડોને તોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, "આપણે દેશને એવી ઊંચાઈએ લઈ જવું જોઈએ, જે અન્ય કોઈ પણ દેશે હાંસલ ન કરી હોય."

## મોદીએ ત્રીજી ટર્મ શરૂ કરતાં પહેલાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પાટીલ; પૂર્વ પીએમ મનમોહન, દેવગૌડાને ફોન કરી આશીર્વાદ માંગ્યા

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ અને ભૂતપૂર્વ વડા પ્રધાનો મનમોહન સિંહ અને એચડી દેવગૌડાને ફોન કર્યો અને તેમની ત્રીજી ટર્મ શરૂ કરતાં પહેલાં તેમના આશીર્વાદ માંગ્યા હતાં. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

વડા પ્રધાને સોમવારે સવારે ચાર્જ સંભાળ્યા પછી તરત જ તેમની સાથે વાત કરી હતી. દેવગૌડાની પાર્ટી જનતા દળ (સેક્યુલર) પણ વર્તમાન એનડીએનો એક ભાગ છે અને તેમના પુત્ર એચડી કુમારસ્વામી મોદી 3.0 કેબિનેટમાં મંત્રી છે.

# મોદીનો ત્રીજી ટર્મનો પ્રથમ નિર્ણય: કિસાન નિધી માટેનું ભંડોળ છુટ્ટૂં કર્યું

**નવી** કેબિનેટની પ્રથમ બેઠક મળી, પીએમ આવાસ યોજના હેઠળ ત્રણ કરોડ ઘરો બાંધવા સહાય મંજૂર કરી

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઈ): ત્રીજી ટર્મ માટે વડાપ્રધાન પદનો અખત્યાર સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીએ આજે પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં પીએમ કિસાન નિધીનો ૧૭મો હપ્તો છૂટો કરવાની મંજૂરી આપી હતી, જે રૂ. ૨૦૦૦૦ કરોડ જેટલી રકમ થાય છે જેનાથી ૯.૩ કરોડ જેટલા ખેડૂતોને લાભ થશે.

ભંડોળો છૂટા કરવાના આદેશ પર સહી કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે અમારી સરકાર કિસાન કલ્યાણ માટે સંપૂર્ણ કટિબધ્ધ છે. તેથી તે તેને અનુરૂપ છે કે ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ ફાઈલ તેને લગતી સાઈન કરવામાં આવે. આગામી સમયમાં પણ અમે ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે વધુ કાર્ય કરતા રહેવા માગીએ છીએ. ગ્રામ્ય વિસ્તારોમાં શાસક ગઠબંધન એનડીએની કંઈક પીછેહટ થઈ છે તે સંદર્ભમાં આ નિર્ણય મહત્વનો છે.

દરમ્યાન, ગઈકાલે રવિવારે વડાપ્રધાન મોદી અને મંત્રીમંડળની શપથવિધિ થયા બાદ કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠક આજે વડાપ્રધાન આવાસ ખાતે મળી હતી જેમાં નવા મંત્રીમંડળે પ્રધાન મંત્રી આવાસ યોજના(પીએમએવાય) હેઠળ ત્રણ કરોડ ઘરો બાંધવા માટે સરકારી સહાય મંજૂર કરી હતી.

# બસ પર હુમલા અંગે ત્રાસવાદી જૂથોએ જવાબદારી સ્વીકારી, બાદમાં ફેરવી તોળ્યું

**ત્રણ** શેડો જૂથોએ જવાબદારી સ્વીકારી, લોકરોષ જોઇને બાદમાં સરકારી એજન્સીઓને જવાબદાર ગણાવી

**હુમલાખોર** ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ શરૂ, એનઆઇએ સહિતની કેન્દ્રીય એજન્સીઓ પહોંચી

**જમ્મુ** વિસ્તારમાં વિરોધ પ્રદર્શનો, બંધ પાળવામાં આવ્યો



જમ્મુ, તા. ૧૦: જમ્મુમાં રવિવારે યાત્રાળુઓની એક બસ પર થયેલા હુમલા અંગે ત્રણ શેડો ત્રાસવાદી જૂથોએ જવાબદારી સ્વીકારી હતી પણ આ ઘટનાને ઘણી વખોડવામાં આવતા અને લોકોમાં વ્યાપક રોષ જોઈને તેમણે જવાબદારી સ્વીકારતો દાવો પાછો ખેંચી લીધો હતો.

જમ્મુ પ્રદેશના રેઆસીમાં થયેલા આ હુમલા અંગે પીપલ્સ એન્ટિ-ફાસિસ્ટ ફોર્સ, રિવાઈવલ ઓફ રેઝિસ્ટન્સ(બંને જૈશ સાથે સંકળાયેલા જૂથો) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ(લશ્કરે તૈયબા સાથે સંકળાયેલ જૂથ) દ્વારા જવાબદારી સ્વીકારવામાં આવી હતી. તેમણે સોશ્યલ મીડિયા પર આ હુમલા માટે જવાબદારીનો દાવો કર્યો હતો. પણ બાદમાં ભારે ટીકાઓ થતી જોઈને તેમણે જવાબદારી સ્વીકારતું નિવેદન ખેંચી લીધું હતું અને સરકારી એજન્સીઓ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કર્યો હતો.

## પેજ 3

### સોનાક્ષી સિન્હા 23 જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરશે



મુંબઈ, તા. 10: અભિનેત્રી સોનાક્ષી સિન્હા અને તેના લાંબા સમયના પાર્ટનર, અભિનેતા ઝહીર ઈકબાલ મુંબઈમાં 23 જૂનના રોજ લગ્ન કરશે. તેમના લાંબા સમયથી સંબંધો હોવા છતાં સોનાક્ષી અને ઝહીરે ક્યારેય જાહેરમાં એકબીજા વિશે ખુલાસો કર્યો નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કપલના નજીકના મિત્રો અને પરિવારના સભ્યો ઉપરાંત, 'હીરામંડી'ની સમગ્ર કાસ્ટને લગ્ન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. મહેમાનોને રિસેપ્શન માટે ફોર્મલ પહેરવાનું કહેવામાં આવ્યું છે. આ પાર્ટી મુંબઈના બાસ્ટિયનમાં યોજાવાની છે.

### કાજોલની કો-સ્ટાર નૂર માલાબિકા દાસે મુંબઈમાં પોતાના ફ્લેટમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

મુંબઈ, તા. 10 (પીટીઆઈ): 2023ની વેબ સિરીઝ 'ધ ટ્રાયલ'માં અભિનય કરનાર બોલિવૂડ અભિનેત્રી નૂર માલાબિકા દાસે અહીં ઓશિવારામાં તેના ફ્લેટમાં કથિત રીતે આત્મહત્યા કરી લીધી હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું.એક અધિકારીએ જણાવ્યું હતું કે, 31 વર્ષીય અભિનેત્રીનો સડી ગયેલો મૃતદેહ શુક્રવારે સાંજે મળી આવ્યો હતો જ્યારે પડોશીઓએ તેના એપાર્ટમેન્ટમાંથી દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ કરી હતી. દાસ 2023ની વેબ સીરિઝ 'ધ ટ્રાયલ'માં બોલિવૂડ એક્ટ્રેસ કાજોલની કો-સ્ટાર હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, અભિનેત્રીએ મંગળવારે સાંજે તેના ફ્લેટમાં સીલિંગ ફેનથી લટકીને આત્મહત્યા કરી લીધી હતી અને એક પાડોશીએ પોલીસને દુર્ગંધ વિશે જાણ કરી હતી. એમ પોલીસે જણાવ્યું હતું.



### શાહરૂખની મેનેજર પૂજા દદલાની ફરીદા જલાલને કિંગ ખાન સાથે વાત કરવા દેતી નથી



નવી દિલ્હી, તા. 10: બોલિવૂડના કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાન હંમેશાં તેની ઉદારતા માટે જાણીતો છે, પરંતુ કદાચ બોલિવૂડમાં કેટલાક લોકો તેની મેનેજર પૂજા દદલાની વિશે સમાન અભિપ્રાય ધરાવતા નથી. વરિષ્ઠ અભિનેત્રી ફરીદા જલાલે હાલમાં જ એક ઇન્ટરવ્યુમાં શાહરૂખની મેનેજર વિશે કંઈક એવું કહ્યું જેનાથી ફેન્સ ખૂબ જ નારાજ છે. શાહરૂખની મેનેજર પૂજા દદલાની વિશે ફરીદાએ કહ્યું કે, તેણી તેના પ્રત્યે દયાળુ નથી અને શાહરૂખ સાથે તેને વાત કરવા દેતી નથી. તાજેતરમાં સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી'માં જોવા મળેલી ફરીદા જલાલે એક ઇન્ટરવ્યુ દરમિયાન ખુલાસો કર્યો હતો કે, તે હવે શાહરૂખ ખાનના સંપર્કમાં નથી.

# ઓસ્ટ્રિયામાં વિમાન કરાના તોફાનની અડફેટે ચડતાં ભારે નુકસાન, જો કે સલામત ઉતરાણ કર્યું




વિયેના, તા. ૧૦: યુરોપિયન દેશ ઓસ્ટ્રિયાની એક એરલાઈનનું વિમાન આકાશમાં કરાઓ વાગતા ભારે નુકસાન પામ્યું હતું, જો કે તેણે આ ઘટના પછી સલામત ઉતરાણ કર્યુ હતું અને કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હતી. મળતી વિગતો પ્રમાણે ઓસ્ટ્રિયન એરલાઈનની એક ફ્લાઈટ સ્પેનથી પરત આવી રહી હતી ત્યારે રાજધાની વિયેના નજીકના આકાશમાં જ કરાના ભારે તોફાનની અડફેટે ચડી ગઈ હતી. આ તોફાનમાં વિમાનની આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. જેને નોઝ રેડોમ કહેવામાં આવે છે તે વિમાનના આગળના ભાગને ઢાંકતું એરોડાયનેમિક કવચ ફાટી ગયું હતું અને વિમાનનું માળખું દેખાવા માંડ્યું હતું. કરાં વાગતા પાયલોટ કેબીનની બારીઓના કાચને પણ ભારે નુકસાન થયું હતું. જો કે સદભાગ્યે આ બારીઓ તૂટી ન હતી. આ બનાવ પછી આ ફ્લાઈટે વિયેના એરપોર્ટ પર સલામત ઉતરાણ કર્યું હતું. ઓનલાઈન પોસ્ટ કરવામાં આવેલા ફોટાઓમાં જોઈ શકાતું હતું કે વિમાનના આગળના ભાગને આ તોફાનમાં ભારે નુકસાન થયું છે.

# કોને કયું ખાતું મળ્યું?

ભારતના રાષ્ટ્રપતિએ, વડા પ્રધાનની સલાહ મુજબ, કેન્દ્રીય મંત્રીપરિષદના નીચેના સભ્યોમાં ખાતાઓની ફાળવણી કરવાનો નિર્દેશ આપ્યો છે: -

**વડા પ્રધાન નરેન્દ્ર મોદી** વડા પ્રધાન અને આના ઇન્ચાર્જ પણ છે: કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય; ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી; અવકાશ વિભાગ; તમામ મહત્ત્વપૂર્ણ નીતિગત મુદ્દાઓ; અને અન્ય તમામ વિભાગો જે કોઈ પણ મંત્રીને ફાળવવામાં આવ્યા નથી.

## કેબિનેટ મંત્રીઓ

| | | |
|---|---|---|
| 1. | **રાજનાથ સિંહ** | સંરક્ષણ મંત્રી. |
| 2. | **અમિત શાહ** | ગૃહ મંત્રી; અને સહકાર મંત્રી. |
| 3. | **નિતિન જયરામ ગડકરી** | માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી |
| 4. | **જગત પ્રકાશ નડ્ડા** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી; અને રસાયણ અને ખાતર મંત્રી |
| 5. | **શિવરાજસિંહ ચૌહાણ** | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી; અને ગ્રામીણ વિકાસ મંત્રી. |
| 6. | **શ્રીમતી નિર્મલા સીતારામન** | નાણાં મંત્રી; અને કોર્પોરેટ બાબતોના મંત્રી. |
| 7. | **ડો. સુબ્રહ્મણ્યમ જયશંકર** | વિદેશ મંત્રી |
| 8. | **મનોહર લાલ** | આવાસ અને શહેરી બાબતોનાં મંત્રી; અને ઉર્જા મંત્રી. |
| 9. | **એચ. ડી. કુમારસ્વામી** | ભારે ઉદ્યોગ મંત્રી; અને સ્ટીલ મંત્રી. |
| 10. | **પીયૂષ ગોયલ** | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી |
| 11. | **ધર્મેન્દ્ર પ્રધાન** | શિક્ષણ મંત્રી. |
| 12. | **જીતનરામ માંઝી** | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી |
| 13. | **રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ** | પંચાયતી રાજ મંત્રી; અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રી |
| 14. | **સર્બાનંદ સોનોવાલ** | બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી |
| 15. | **ડો.વિરેન્દ્રકુમાર** | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી |
| 16. | **કિંજારાપુ રામમોહન નાયડુ** | નાગરિક ઉડ્ડયન મંત્રી. |
| 17. | **પ્રહલાદ જોશી** | ઉપભોક્તા બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રી; અને નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી |
| 18. | **જુઆલ ઓરામ** | આદિજાતિ બાબતોના મંત્રી. |
| 19. | **ગિરિરાજ સિંહ** | કાપડ મંત્રી. |
| 20. | **અશ્વિની વૈષ્ણવ** | રેલવે મંત્રી; માહિતી અને પ્રસારણ મંત્રી; અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી |
| 21. | **જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા** | સંચાર મંત્રી; અને પૂર્વોત્તર ક્ષેત્રનાં વિકાસ મંત્રી |
| 22. | **ભૂપેન્દ્ર યાદવ** | પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી |
| 23. | **ગજેન્દ્રસિંહ શેખાવત** | સાંસ્કૃતિક મંત્રી; અને પ્રવાસન મંત્રી. |
| 24. | **શ્રીમતી અન્નપૂર્ણા દેવી** | મહિલા અને બાળ વિકાસ મંત્રી |
| 25. | **કિરેન રિજિજુ** | સંસદીય બાબતોનાં મંત્રી; અને લઘુમતી બાબતોના મંત્રી. |
| 26. | **હરદીપ સિંહ પુરી** | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી |
| 27. | **ડો.મનસુખ માંડવિયા** | શ્રમ અને રોજગાર મંત્રી અને યુવા બાબતો અને રમતગમત મંત્રી |
| 28. | **જી. કિશન રેડ્ડી** | કોલસા મંત્રી; અને ખાણ મંત્રી. |
| 29. | **ચિરાગ પાસવાન** | ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી |
| 30. | **સી આર પાટીલ** | જલ શક્તિ મંત્રી. રાજ્ય મંત્રીઓ |

## રાજ્ય કક્ષાના મંત્રીઓ (સ્વતંત્ર હવાલો)

| | | |
|---|---|---|
| 1. | **રાવ ઈન્દરજીત સિંઘ** | આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) આયોજન મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને સાંસ્કૃતિક મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 2. | **ડો.જીતેન્દ્રસિંહ** | વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) વડા પ્રધાન કાર્યાલયમાં રાજ્ય મંત્રી; કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અણુ ઊર્જા વિભાગમાં રાજ્ય મંત્રી; અને અવકાશ વિભાગમાં રાજ્ય મંત્રી |
| 3. | **અર્જુન રામ મેઘવાલ** | કાયદા અને ન્યાય મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને સંસદીય બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 4. | **જાધવ પ્રતાપરાવ ગણપતરાવ** | આયુષ મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 5. | **જયંત ચૌધરી** | કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયનાં રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |

## રાજ્ય મંત્રીઓ

| | | |
|---|---|---|
| 1. | **જિતિન પ્રસાદ** | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 2. | **શ્રીપદ યેસો નાઈક** | ઊર્જા મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 3. | **પંકજ ચૌધરી** | નાણાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 4. | **કૃષ્ણપાલ** | સહકાર મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 5. | **રામદાસ આઠવલે** | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 6. | **રામનાથ ઠાકુર** | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 7. | **નિત્યાનંદ રાય** | ગૃહ મંત્રાલયના રાજ્ય મંત્રી |
| 8. | **શ્રીમતી અનુપ્રિયા પટેલ** | સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી અને રસાયણ અને ખાતર મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 9. | **વી. સોમન્ના** | જલ શક્તિ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને રેલવે મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 10. | **ડો.ચંદ્ર શેખર પેમ્માસાની** | ગ્રામીણ વિકાસ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને સંચાર મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 11. | **પ્રો. એસ. પી. સિંઘ બઘેલ** | મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી અને પંચાયતી રાજ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 12. | **સુ સોભા કરંદલાજે** | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને શ્રમ અને રોજગાર મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 13. | **કિર્તીવર્ધન સિંહ** | પર્યાવરણ, વન અને આબોહવામાં પરિવર્તન મંત્રાલયનાં રાજ્ય મંત્રી અને વિદેશ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 14. | **બી. એલ. વર્મા** | ઉપભોક્તા બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 15. | **શાંતનુ ઠાકુર** | બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 16. | **સુરેશ ગોપી** | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં રાજ્ય મંત્રી અને પ્રવાસન મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 17. | **ડો. એલ. મુરુગન** | માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને સંસદીય બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 18. | **અજય ટમ્ટા** | માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 19. | **બંદી સંજય કુમાર** | ગૃહ મંત્રાલયના રાજ્ય મંત્રી |
| 20. | **કમલેશ પાસવાન** | ગ્રામીણ વિકાસ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 21. | **ભગીરથ ચૌધરી** | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 22. | **સતીશચંદ્ર દુબે** | કોલસા મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને ખાણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 23. | **સંજય શેઠ** | સંરક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી |
| 24. | **રવનીત સિંહ** | ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને રેલવે મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 25. | **દુર્ગાદાસ ઉઇકે** | આદિજાતિ બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 26. | **શ્રીમતી રક્ષા નિખિલ ખડસે** | યુવા બાબતો અને રમતગમત મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 27. | **સુકંતા મજુમદાર** | શિક્ષણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને પૂર્વોત્તર ક્ષેત્રનાં વિકાસ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 28. | **શ્રીમતી સાવિત્રી ઠાકુર** | મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 29. | **તોખન સાહુ** | આવાસ અને શહેરી બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 30. | **રાજ ભૂષણ ચૌધરી** | જલ શક્તિ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 31. | **ભૂપતિ રાજુ નિવાસ વર્મા** | ભારે ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને સ્ટીલ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 32. | **હર્ષ મલ્હોત્રા** | કોર્પોરેટ બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 33. | **શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયા** | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 34. | **મુરલીધર મોહોલ** | સહકાર મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 35. | **જ્યોર્જ કુરિયન** | લઘુમતી બાબતોનાં મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |
| 36. | **પાબીત્રા માગરિટા** | વિદેશ મંત્રાલયનાં રાજ્ય મંત્રી; અને કાપડ મંત્રાલયનાં રાજ્ય મંત્રી |

# ચૂંટણી પરિણામના ૬ દિવસ પછી મોદીને પાકિસ્તાનનાં અભિનંદન

**અગાઉ** કહ્યું હતું કે ભારતમાં નવી સરકાર બને પછી જ અભિનંદન આપીશું

**પાક.** વડાપ્રધાનના ભાઈ નવાઝ શરીફે પણ અભિનંદન આપ્યા, મોદીએ બંને ભાઈઓનો આભાર માનતો જવાબ આપ્યો

ઈસ્લામાબાદ, નવી દિલ્હી, તા. ૧૦: લોકસભાના ચૂંટણી પરિણામો જાહેર થવાના ૬ દિવસ પછી પાકિસ્તાને વડાપ્રધાન મોદીને અભિનંદન આપ્યા છે જેમાં માત્ર એક લીટીનો સંદેશો પાઠવવામાં આવ્યો છે.

જ્યારે ભારતમાં લોકસભાના ચૂંટણી પરિણામો જાહેર થયા ત્યારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે ભારતમાં નવી સરકાર બને તેની રાહ જોઈશું, એના પછી જ કશું કહીશું. એ મુજબ શપથવિધિ ગઈકાલે થઈ ગયા બાદ આજે સંદેશો પાઠવવામાં આવ્યો હતો. પાકિસ્તાનના વડાપ્રધાન આજે ચીનની મુલાકાતેથી પાછા ફર્યા હતા. આના પછી તેમના તરફથી એક્સ એકાઉન્ટ પર મૂકવામાં આવેલા એક લીટીના સંદેશામાં કહેવામાં આવ્યું હતું કે નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાનપદે આરૂઢ થવા બદલ અભિનંદન. આ સંદેશના જવાબમાં વડાપ્રધાન મોદીએ પણ એક્સ પર મૂકેલા સંદેશામાં કહ્યું હતું કે ભારતના લોકો હંમેશા શાંતિ, સલામતી અને પ્રગતિશીલ વિચારોની પડખે ઉભા રહ્યા છે.

વડાપ્રધાન શાહબાઝ શરીફના મોટા ભાઈ અને પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે પણ મોદીને અભિનંદન આપતો સંદેશો મૂક્યો હતો.